# ભારતીય મીડિયા જગતમાં#MeTooપર એનડબલ્યુએમઆઈનું નિવેદન

નેટવર્ક ઓફ વિમેન ઈન મીડિયા ઈન ઈન્ડિયા, ભારતીય મીડિયા જગતમાં પોતાની સાથે થયેલી જાતિય સતામણી અંગે પોતાના અનુભવોને હિંમતપૂર્વક રજૂ કરનાર તમામ મહિલાઓને સમર્થન આપે છે. પત્રકારત્વમાં આપણા સૌ માટે આ એક અગત્યનો સમય છે. આપણે વિવિધ ક્ષેત્રોમાં જાતિય સતામણી અંગે જોયું છે અને તેના ઉકેલ માટે જરૂરી મજબૂત વ્યવસ્થા અંગેના અહેવાલો પણ આપ્યા છે. હવે જ્યારે ધ્યાન આપણી તરફ વળ્યું છે ત્યારે આપણે તેને આવકારીયે છીએ અને વધુને વધુ મહિલાઓને કોઈપણ પ્રકારના ડર કે અવરોધ વગર પોતાની વાસ્તવિકતા વ્યક્ત કરવા અમે પ્રોત્સાહીત કરીએ છીએ.

ઘણા બધાં જાતિય સતામણી કિસ્સાઓ માટે આરોપીઓએ સજા ભોગવી નથી અને તેઓ કોઈપણ પ્રકારની ચિંતા વગર ન્યૂઝરૂમમાં હજુ પણ કામ કરી રહ્યાં છે, તે જોઈને અમે અત્યંત વ્યથિત છીએ. ભારતના અખબારી જગતમાં ફેલાયેલા લિંગભેદ અને સ્ત્રીદ્વેષની અમે સખત શબ્દોમાં ટીકા કરીએ છીએ. એ સાથે સાથે અમે એમ પણ માનીએ છીએ કે જાતિય સતામણીના કિસ્સાઓ સામે આંખ આડા કાન ન કરવા જોઈએ તથા ભોગ બનનારા પર જ દોષારોપણ અને નૈતિક જવાબદારીને પ્રોત્સાહન ન મળવું જોઈએ.

આ ઘટનાઓને ધ્યાનમાં રાખીને, એનડબલ્યુએમઆઈ નીચે મુજબની **માગણીઓ** કરે છે:

1. પત્રકારત્વની કોલેજો અને વિભાગો, પત્રકારત્વના સંગઠનો અને પ્રેસ ક્લબ્સ સહિતની તમામ મીડિયા સંસ્થાઓએ ભોગ બનનારાઓના સમર્થનમાં સુઓ મોટો કોગ્નિસન્સ, સંસ્થાકીય તપાસો કરાવીને યોગ્ય પગલાં લેવા જોઈએ.

2. તમામ મીડિયા સંસ્થાનો અને પત્રકારત્વની કોલેજો પાસે કાર્યસ્થળે જાતિય સતામણી અટકાવવા માટેની નીતિ હોવી જઈએ અને કાર્યસ્થળે મહિલાઓની જાતીય સતામણી (અટકાયત, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ-2013ની જરૂરીયાતો અનુસાર આંતરીક સમિતિ ( ઈન્ટરનલ કમિટી)ની યોગ્ય રચના કરવી જોઈએ, જેમાં દરેક સભ્ય ફરીયાદોને નિવારવા માટે સક્ષમ હોવો જોઈએ. દરેક સમિતિનું વડપણ મહિલાએ કરવી જોઈએ, તેના અડધા સભ્યો મહિલાઓ હોવી જોઈએ. તેમાં કાયદા અથવા મહિલા અધિકારમાં નિષ્ણાત હોય તેવી તટસ્થ, બહારની મહિલા હોવી જોઈએ. સમિતિના સભ્યો ફરીયાદો પ્રત્યે સંવેદનશીલ હોવા જોઈએ અને સમય સીમાની અંદર તે અંગે તપાસ કરી શકે તેવી હોવા

જોઈએ. વહિવટીમંડળે આંતરીક સમિતિની ભલામણોને આધારે ઝડપી પ્રક્રિયા હાથ ધરવી જોઈએ. ફરીયાદ હાથ ધરવાની પ્રક્રિયા અંગે વ્યાપકપણે જાણકારી હોવી જોઈએ.

3. તમામ મીડિયા સંસ્થાનો અને પત્રકારત્વની કોલેજોએ એટલું સુનિશ્ચિત કરવું જોઈએ કે જાતિય સતામણી વિરોધી નીતિની વિગતો અને આંતરીક સમિતિના બંધારણ બાબતે તેમના સંસ્થાનો અને વેબસાઈટ્સની અંદર યોગ્ય જાહેરાત/પ્રચાર-પ્રસિદ્ધી થાય. જાતિય સતામણીના પરીણામોનો નોકરીના કરારો અને આચારસંહિતાની માર્ગદર્શિકામાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરવો જોઈએ.

4. પત્રકારત્ત્વ ક્ષેત્રે આઇસી અને રોજગારદાતાઓને એટલા સંવેદનશીલ બનાવવા જોઇએ કે જેથી તેઓ કર્મચારીઓ તરફથી મળતી ફરિયાદો નોંધે. જેમાં ફિલ્ડ પર કામ કરતા સમયે કે સ્રોતો સાથે વાર્તાલાપ કરતા સમયે ઉભી થતી મુશ્કેલીઓનો સમાવેશ થાય છે. સંપાદકે એ બાબતની ખાતરી કરવી જોઇએ કે સમાચાર કરતા તેમના કર્મચારીઓની સલામતી વધુ મહત્ત્વની છે.

5. એસએચ એક્ટ, 2013 હેઠળ ફ્રિલાન્સર્સ અને સ્ટ્રીન્જર્સ કે જેઓ સાથે જાતીય સતામણીની શક્યતા વધુ હોય છે તેમને પણ એન્ટી-સેક્સ્યુઅલ હેરેસમેન્ટ પોલિસી અને મિડીયાની આંતરિક સમિતિઓના કાર્યક્ષેત્ર હેઠળ આવરી લેવા જોઇએ.

6. બધી જ મિડીયા સંસ્થાઓ અને પત્રકારત્વ ક્ષેત્રની કોલેજોએ જો કોઇ મહિલા ઇન્ડિયન પીનલ કોડ કે અન્ય લાગુ પડતા કાયદા હેઠળ ફરિયાદ કરવાનો નિર્ણય કરે તો તેને સહાય પૂરી પાડવી જોઇએ.

7. બધી જ મિડીયા સંસ્થાઓ અને પત્રકારત્વ ક્ષેત્રની કોલેજોએ જાતીય સમાનતાનું સૌહાર્દપૂર્ણ વાતાવરણ સર્જાય તે માટે વર્ષના ઓછામાં ઓછી બે વખત જાતીય બાબતો પ્રત્યે સંવેદનશીલતા અંગેના વર્કશોપ યોજવા જોઇએ.

8. બધી જ મિડીયા સંસ્થાઓ અને પત્રકારત્વ ક્ષેત્રની કોલેજોએ જાતીય સતામણીનો ભોગ બનેલ વ્યક્તિ અને આરોપીનું વ્યાવસાયિક પરામર્શન કરવું જોઇએ.

9. બહાર આવેલ આરોપોનું લાયકાતના આધારે પત્રકારત્વ ક્ષેત્રે ફોલો-અપ પણ થવું જોઇએ. આ સમાચારોને દબાવી દેવાને બદલે મિડીયા સંસ્થાઓએ યોગ્ય ચકાસણી કરીને તેના પર આગળ વધવું જોઇએ. મિડીયાએ કામના સ્થળે થતી જાતીય સતામણીના દૂષણને નાથવા માટે પોતાની સંસ્થાને પણ કાર્યવાહીથી બાકાત ન રાખવી જોઇએ.

એનડબ્લ્યુએમઆઇ ભોગ બનેલાને સાંભળવા અને મદદ કરવા તેમજ આંતરિક સમિતી મજબૂત કરવા માટે તૈયાર છે. editors@nwmindia.org પર અમારો સંપર્ક કરો.